# CET-SE-2026-27

| કેટેગરી |
| --- |
| A |

**કુલ સમય : 150 મિનિટ** **કુલ ગુણ : 120**

**બેઠક નંબર :**

| | | | | | | | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | | | | | | |

## પરીક્ષાર્થીઓ માટે સૂચના


**નીચે લખેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ત્યારબાદ તમને આપવામાં આવેલ OMR ઉત્તરવહી પર જ જવાબ આપો.**

1. તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. રફ વર્ક કરવા માટે આ પ્રશ્નપત્રમાં કોરા પેઈજ આપવામાં આવેલા છે.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET નિરીક્ષકશ્રીને પરત સોંપવાની રહેશે.
4. પ્રશ્નપત્રની પુસ્તિકામાં કોઈપણ પ્રશ્નના જવાબના વિકલ્પ A, B, C, D પૈકી કોઈપણ સામે જવાબની નિશાની કરવી નહી.
5. OMR અને હોલટીકીટની સૂચનાઓ પણ ધ્યાને લેવી.
6. આ પ્રશ્નપત્રની કેટેગરી (A, B, C, D, E) પૈકી જે કેટેગરી પ્રશ્નપત્રની ઉપર ખૂણામાં દર્શાવી છે તે કેટેગરી OMR માં છે તે ચેક કરવું.

## રફ કામ માટેનું પેઈજ

(1) મધુબેન 10 કિલો કેરી વેચીને રૂા. 1500 મેળવે છે તો, એક કિલો કેરીનો ભાવ શું હશે ?

(A) રૂા. 500 (B) રૂા. 100 (C) રૂા. 150 (D) રૂા. 200


(2)  આકૃતિમાં કાટખૂણાથી નાના હોય તેવા કેટલા ખૂણા છે ?

(A) 1 (B) 4 (C) 2 (D) 3

(3) 7 દિવાસળીની મદદથી રચેલ બંધ આકૃતિમાં કેટલા ખૂણા રચાશે ?


(A) 7 (B) 6 (C) 5 (D) 4

(4) છાયાંકિત ભાગની પરિમિતિ શું હશે ? પ્રત્યેક ચોરસ 1 સેમી લંબાઈનો છે.



(A) 4 સેમી (B) 8 સેમી

(C) 10 સેમી (D) 12 સેમી

(5) 

ખૂણો અને સમય બંને સાચા હોય તે વિકલ્પ જણાવો.

(A) કાટખૂણાથી મોટો અને સમય 8.55 (B) કાટખૂણાથી નાનો અને સમય 9માં 5 મિનિટ

(C) કાટખૂણાથી મોટો અને સમય 9ને 5 મિનિટ (D) કાટખૂણાથી નાનો અને સમય 9ને 5 મિનિટ

(6) અમદાવાદથી સૂરત જતા એક માઈલ સ્ટોન ઉપર અમદાવાદ – 70 કિ.મી. બીજી બાજુ સૂરત 190 કિ.મી લખેલ છે. તો અમદાવાદ અને સૂરત વચ્ચેનું કુલ અંતર કેટલું થાય ?

(A) 120 કિ.મી. (B) 260 કિ.મી.

(C) 280 કિ.મી. (D) 200 કિ.મી.

(7) નીચેની Series પૂર્ણ કરો.

ACE, BDF, CEG, ................

(A) DEF (B) DFE

(C) DFH (D) DHF

(8) → →, ↑ ↓, ← ← ↑ ↓, ......?......

હવે પછીની તીરની નિશાની જણાવો.

(A) ↑ ↓ (B) → ←

(C) → → (D) ← ←

(9) નીચે પૈકી કયું સંગીત વાદ્ય અલગ પડે છે ?

(A) સિતાર (B) વાંસળી

(C) ગીટાર (D) વાયોલીન

(10) એક વર્તુળાકાર માર્ગનો પરીઘ 500 મીટર છે. જો યોગેશ આ માર્ગ પર 3 કિ.મી. દોડે તો તેણે કેટલા ચક્કર લગાવ્યા હશે ?


(A) 4 (B) 5

(C) 6 (D) 7

(11) "આપેલી સંખ્યાના બમણામાં 3 ઉમેરતા" (આપેલી સંખ્યાને $x$ ધારીએ તો... આ બાબતને કઈ રીતે રજૂ કરી શકાય)

(A) $3x + 2$ (B) $2x + 3$

(C) $4x + 4$ (D) $x + 3$

(12) 


"?" ની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?

(A) 150 (B) 180

(C) 140 (D) 120

(13) PALANPUR ને સાંકેતિક ભાષામાં QBMBOQVS લખાય તો KELANPUR ને સાંકેતિક ભાષામાં શું લખાય ?

(A) LFNBOQVS (B) LFMBPQVS

(C) LFOBSQVS (D) LFMBOQVS

(14) જો AHMED = 19375 અને JONY = 2846 હોય તો NOMAHE માટે શું લખાય ?

(A) 683197 (B) 483197

(C) 487179 (D) 129834

(15) નીચે આપેલ પેટર્નમાં કયો નિયમ સમાયેલ છે ?

406, 307, 208, 109


(A) સંખ્યામાંથી 99 બાદ કરતા જવું (B) સંખ્યામાં 99 ઉમેરતા જવું

(C) સંખ્યામાંથી 101 બાદ કરતા જવું (D) સંખ્યામાંથી 100 બાદ કરતા જવું

(16) કઈ સંખ્યાના અડધા કરી 60 ઉમેરતાં 85 મળશે ?

(A) 50 (B) 60

(C) 70 (D) 40

(17) 

આકૃતિ (a) આકૃતિ (b) આકૃતિ (c) આકૃતિ (d)



આકૃતિમાં છાયાંકિત કરેલ ભાગ અપૂર્ણાંક દર્શાવે છે, તો કઈ આકૃતિ સૌથી મોટો અપૂર્ણાંક દર્શાવે છે ?


(A) આકૃતિ (d) (B) આકૃતિ (c)

(C) આકૃતિ (b) (D) આકૃતિ (a)

(18) ત્રણ અંકની સૌથી મોટી સંખ્યા અને ચાર અંકની સૌથી નાની સંખ્યાનો સરવાળો કેટલો થાય ?

(A) 2000 (B) 1 (C) 1999 (D) 2

(19)  = 5 સફરજન,  = 3 સફરજન અને  =2 સફરજન હોય તો,




કુલ કેટલા સફરજન દર્શાવે છે ?

(A) 20 (B) 19 (C) 18 (D) 17


(20) તમારા શહેરમાં અંદાજિત એક લાખ વાહનો હોય તેમાંથી પાંચમાં ભાગ જેટલી સંખ્યા કારની હોય તો કારની સંખ્યા કેટલી હોય ?

(A) 5,000 (B) 15,000 (C) 25,000 (D) 20,000

(21) 


"?" ની જગ્યાએ શું આવે ?

(A) I (B) J (C) G (D) K

(22) 

આલેખપત્રમાં છાયાંકિત કરેલ ભાષાનું ક્ષેત્રફળ કેટલું થાય ?

(A) 36 ચો. એકમ (B) 12 ચો. એકમ

(C) 18 ચો. એકમ (D) 24 ચો. એકમ


(23) 1, 1, 2, 3, 5, 8, 13, 21, ............... સિરીઝ પૂર્ણ કરો.

(A) 34 (B) 35 (C) 44 (D) 45

(24) નીચેનામાંથી અલગ / જુદો પાડતો વિકલ્પ શોધો.

(A) Aa (B) Gg (C) Ii (D) Bd


(25) નીચેની આકૃતિમાં કુલ કેટલા ત્રિકોણ આવેલા છે ?





(A) 24 (B) 20 (C) 18 (D) 16

(26) આપેલ વિકલ્પોમાંથી જુદો પડતો વિકલ્પ જણાવો.

(A) 

(B) 

(C) 

(D) 

(27) આપેલ વિકલ્પોમાંથી જુદો પડતો વિકલ્પ જણાવો.

(A) ઘઉં (B) જુવાર (C) બાજરી (D) નાગલી


(28) આપેલ વિકલ્પોમાંથી જુદો પડતો વિકલ્પ જણાવો.


(A) Radio (B) Television (C) Monitor (D) Smart Board


(29) જો કોઈ એક મહિનાની 7મી તારીખે શનિવાર હોય, તો તે મહિનાની 21 મી તારીખે કયો વાર હશે ?


(A) રવિવાર (B) સોમવાર (C) શુક્રવાર (D) શનિવાર


(30) નીચે આપેલ આકૃતિ તેની ઉપર આપેલ અરિસામાં કેવી દેખાશે ?



(A) 

(B) 

(C) 


(D) 

(31) નીચેની કઈ સંખ્યા 7નો ગુણક નથી ?

(A) 42 (B) 35 (C) 70 (D) 41

(32) 1 થી 20 સુધીની સંખ્યાઓમાં 5 ના ગુણક કેટલા હોય ?

(A) 2 (B) 3 (C) 4 (D) 5

(33) 

અવયવ વૃક્ષમાં કઈ સંખ્યા આવશે ?

(A) 3 (B) 4 (C) 8 (D) 12

(34) 315 + 130 + 500 = 500 + ◯ + 130

ખાલી જગ્યામાં કઈ સંખ્યા લખશો ?

(A) 215 (B) 513

(C) 315 (D) 515

(35) પ્રથમ ત્રણ અયુગ્મ સંખ્યાનો સરવાળો કઈ સંખ્યા મળશે ?

(A) 4 (B) 5 (C) 6 (D) 9

(36) 2 નાં બમણા કરી 5 વડે ગુણતાં મળતી સંખ્યાને 10 વડે ભાગતાં મળતી સંખ્યા કઈ છે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

(37) 132 ને ઉલટા ક્રમમાં ગોઠવી મળતી સંખ્યા સાથે તેનો સરવાળો કરતાં કઈ વિશિષ્ટ સંખ્યા મળશે ?

(A) 353 (B) 363 (C) 343 (D) 373

(38) એક ચિત્રમાં 15 ફૂલ દોરેલ છે. તેમાં 1/3 ફૂલોમાં લાલ રંગ અને બાકીના 5 ફૂલમાં ગુલાબી રંગ પૂર્યો છે. તો કેટલા ફુલમાં કોઈ રંગ પૂરેલ નથી.

(A) 5 (B) 10 (C) 3 (D) 12

(39) 5 રૂપિયાનાં કેટલા સિક્કા ભેગા કરીને 100 રૂપિયા થશે ?

(A) 10 (B) 15 (C) 20 (D) 25

(40) 1 કિલો ટમેટાનો ભાવ રૂા. 40/- હોય તો $2\frac{1}{4}$ ટમેટા ખરીદવા કેટલા રૂપિયા ચુકવશો ?

(A) 60 (B) 70 (C) 80 (D) 90


(41) મારી શાળાનો સમય બપોરના 12 વાગ્યાથી 5 વાગ્યા સુધીનો છે. મને શાળાએ જતાં - આવતા 1 કલાકનો સમય લાગે છે તો દિવસનો કેટલામો ભાગ શાળા માટે હું ફાળવું છું ?

(A) $\frac{1}{2}$ (B) $\frac{1}{4}$ (C) $\frac{1}{6}$ (D) $\frac{1}{8}$




(42) એક ટ્રક એક ફેરામાં 5000 કિ.ગ્રા. સામાનની હેરાફેરી કરી શકતી હોય તો 35000 કિ.ગ્રા. સામાન ફેરવવા માટે કેટલા ફેરા કરવા પડે ?

(A) 5 (B) 6 (C) 7 (D) 8

(43) અહીં આપેલ આકૃતિમાં સૌથી મોટું માપ ધરાવનાર ખૂણા કયા છે ?




(A) 1 અને 2 (B) 2, 3 અને 4 (C) 3, 4 અને 5 (D) 5 અને 2

(44) A  B  C 

આકૃતિ A, B અને C માં દર્શાવેલ ત્રણ ત્રિકોણ પૈકી કોનું ક્ષેત્રફળ સૌથી વધુ હશે ?

(A) આકૃતિ - A નું (B) આકૃતિ - B નું

(C) આકૃતિ - C નું (D) ત્રણેયનું ક્ષેત્રફળ સમાન થશે.

(45) 12 ફૂટ × 9 ફૂટ ના ભોંયતળીયામાં નીચેના પૈકી કઈ લાદી લગાવી જોઈએ જેથી કોઈ પણ લાદી કાપવી ના પડે.

(A) 4 ફૂટ × 4 ફૂટ (B) 3 ફૂટ × 5 ફૂટ

(C) 2 ફૂટ × 2 ફૂટ (D) 3 ફૂટ × 3 ફૂટ

(46) નીચેનામાંથી કયું સૌથી વધારે વજન દર્શાવે છે ?

(A) 250 ગ્રામના 3 વજનિયાં (B) 100 ગ્રામના 6 વજનિયાં

(C) 50 ગ્રામના 14 વજનિયાં (D) 200 ગ્રામના 4 વજનિયાં

(47) સો વખત એક હજાર એટલે કેટલા ?

(A) 1001000 (B) 1000100

(C) 1000 (D) 100000

(48) સાયકલ પર એક કલાકમાં 8 કિ.મી. અંતર કપાય તો 12 કિ.મી. અંતર કાપવા માટે કેટલો સમય લાગશે ?


(A) 60 મિનિટ (B) 90 મિનિટ (C) 120 મિનિટ (D) 180 મિનિટ

(49) એક કિ.ગ્રા. મગ અને એક કિ.ગ્રા. ચણાનો ભાવ અનુક્રમે 120 રૂપિયા અને 80 રૂપિયા હોય તો, કંચનબેનને 2 કિ.ગ્રા. મગ અને $1\frac{1}{2}$ કિ.ગ્રા. ચણા ખરીદવા કેટલા રૂપિયા જોઈએ ?

(A) 200 (B) 240

(C) 340 (D) 360

(50)  આપેલ આકૃતિને $\frac{1}{3}$ ફેરવતાં તે કેવી દેખાશે ?


(A) 

(B) 


(C) 

(D) 

(51)



આકૃતિ-1



આકૃતિ-2

આકૃતિ-1 અને આકૃતિ-2 ની પરિમિતિ વિશે શું કહી શકાય ?

(A) આકૃતિ-1 ની પરિમિતિ આકૃતિ-2 કરતાં વધુ

(B) આકૃતિ-2 ની પરિમિતિ આકૃતિ-1 કરતાં વધુ


(C) આકૃતિ-1 અને આકૃતિ-2 ની પરિમિતિ સરખી

(D) આકૃતિ-1 અને આકૃતિ-2 ની પરિમિતિ વિશે કંઈ કહી શકાય નહીં.

(52) સોનલે 2050 રૂપિયાની દાળ અને 750 રૂપિયામાં લોટની ખરીદી કરી. તેમણે દુકાનદારને 3000 રૂપિયા આપ્યા હોય તો દુકાનદાર કેટલા રૂપિયા પરત આપશે ?

(A) 100 રૂપિયા
(B) 150 રૂપિયા
(C) 200 રૂપિયા
(D) 250 રૂપિયા

(53) નીચે આપેલ આલેખ મુજબ કરિયાણાનો ખર્ચ રૂા. 600 છે. તો કુલ ખર્ચમાંથી સફાઈનો ખર્ચ કેટલા રૂપિયા થશે ?




(A) 600 રૂપિયા
(B) 450 રૂપિયા
(C) 300 રૂપિયા
(D) 200 રૂપિયા

(54) $\frac{2}{3}=\frac{6}{9}=\frac{y}{21}$ , તો $y$ ની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?

(A) 12
(B) 14
(C) 18
(D) 20

(55) એક ચોરસમીટર કપડાંમાંથી 5 સેમી × 5 સેમીના કેટલા ટુકડા બનાવી શકાય ?

(A) 400
(B) 500
(C) 250
(D) 350

(56) એક ટ્રક 1 કલાકમાં 40 કિલો મિટરનું અંતર કાપે છે જો સુરતથી અમદાવાદ વચ્ચેનું અંતર 280 કિલોમીટર હોય અને ટ્રક જો સવારે 7.00 કલાકે સુરતથી નીકળી કોઈપણ જગ્યાએ અટક્યા વગર અમદાવાદ પહોંચે છે તો ટ્રક અમદાવાદ કેટલા વાગ્યે પહોંચશે ?

(A) બપોરે 2.00 કલાકે
(B) બપોરે 12.00 કલાકે
(C) બપોરે 3.00 કલાકે
(D) સાંજે 5.00 કલાકે

(57) જો તમારા વિસ્તારમાં 1.5 લાખ વાહનો હોય અને તે પૈકી 20% વાહનો ટ્રેક્ટર હોય તો ટ્રેક્ટરની સંખ્યા કેટલી હશે ?

(A) 45,000
(B) 15,000
(C) 40,000
(D) 30,000


(58) કોઈ એક બંધ આકૃતિ રચવા માટે ઓછામાં ઓછી કેટલી બાજુ જોઈએ ?

(A) 1 (B) 2 (C) 4 (D) 3

(59) ગાંધીનગર રેલવે સ્ટેશને 'વડનગર સુપર ફાસ્ટ' ટ્રેન આવવાનો સમય 11.15 a.m. છે. માઈકમાં જાહેરાત થાય છે કે વડનગર સુપર ફાસ્ટ ટ્રેન 2 કલાકને 45 મિનિટ મોડી ચાલી રહી છે તો હવે વડનગર સુપર ફાસ્ટ ટ્રેન સંભવિત કેટલા વાગે ગાંધીનગર રેલવે સ્ટેશને પહોંચશે ?

(A) 12.00 pm
(B) 01.00 pm
(C) 02.00 pm
(D) 01.30 pm

(60)




ઘરથી શાળા જવા કઈ દિશાઓમાં જવું પડશે ?

(A) પૂર્વ ⟶ ઉત્તર
(B) પૂર્વ ⟶ દક્ષિણ
(C) પૂર્વ ⟶ પશ્ચિમ
(D) પશ્ચિમ ⟶ ઉત્તર

(61) એક વ્યક્તિને સાપ કરડ્યો. તેના ભાઈએ મોબાઈલમાં સાપનો ફોટો પાડી લીધો. ફોટો જોઈ ડૉક્ટરે કહ્યું કે "ચિંતા ન કરો આ સાપ બિનઝેરી છે." આ સાપ કયો હશે ?

(A) ધામણ
(B) નાગ
(C) ખડચિતડ
(D) ફૂરસો

(62) રાજુ ઉકાળેલું દૂધ પીવે છે. તે નક્કી કરે છે કે પીધેલું દૂધ પચી જાય પછી જ બીજું કંઈ ખાશે. રાજુએ બીજું કંઈ ખાતા પહેલાં ઓછામાં ઓછો કેટલો સમય રાહ જોવી જોઈએ ?

(A) 1 કલાક 30 મિનિટ
(B) 2 કલાક
(C) 3 કલાક
(D) 4 કલાક 30 મિનિટ

(63) સોનુ અમુક વસ્તુઓને પલાળીને અંકુરિત કરવા માંગે છે પણ તેમાંથી કઈ એક વસ્તુ અંકુરિત નહીં થાય ?

(A) તુવેરની દાળ
(B) મગ
(C) આખા અડદ
(D) ચણા

(64) આમાંની કઈ ખાદ્યવસ્તુ મૂળ ભારતની નથી ?

(A) રીંગણ (B) મેથી (C) બટાટા (D) પરવળ

(65) એક પાણી ભરેલા ગ્લાસમાં ઈંડું ડૂબેલું હતું. તમારા મિત્ર તેમા કશુંક ઓગાળતો ગયો અને ઈંડું ધીમેધીમે ઉપર આવવા લાગ્યું. તમારા મિત્રે પાણીમાં શું ઓગાળ્યું હશે ?

(A) ખાંડ (B) સાકર

(C) મીઠું (D) ખાવાનો સોડા

(66) ડૉક્ટરે તમારા એક મિત્રને આમળાં, બીટ અને લીલા પાંદડાંવાળા શાકભાજી વધુ ખાવાની સલાહ આપી છે. તમારા મિત્રને શાની ઊણપ હોવી જોઈએ ?

(A) ચરબી (B) પ્રોટીન

(C) વિટામીન D (D) હિમોગ્લોબીન

(67) તમે જૂનાગઢના ઉપરકોટ કિલ્લા પર જશો તો તમને ત્યાં 'નીલમ' જોવા મળશે. આ 'નીલમ' શું છે ?

(A) કિલ્લાની નીલા રંગની ઈમારત (B) કિલ્લામાં રાખેલો કિંમતી પથ્થર

(C) કિલ્લાની દિવાલ પર રાખેલું છોકરીનું ચિત્ર (D) કિલ્લા ઉપર રાખવામાં આવેલી તોપ

(68) સુનિતા વિલિયમ્સે કહ્યું : "અમે તેમાં સતત તરતાં રહેતાં અને તેના એક છેડેથી બીજે છેડે પહોંચી જતાં." — અહીં સુનિતા શાની વાત કરે છે ?

(A) સ્વિમિંગ પૂલની (B) અવકાશયાનની

(C) ગામના તળાવની (D) ગામની નદીની

(69) એક મુસાફર તેની મોટરસાઈકલ પર મુંબઈથી દિલ્લી મુસાફરી કરે છે. તે વચ્ચે આવતાં રાજ્યોના મોટા શહેરોમાંથી પસાર થાય છે. તેના માર્ગમાં કયું શહેર નહીં આવ્યું હોય ?

(A) સુરત (B) અમદાવાદ

(C) પુણે (D) જયપુર

(70) નીચેનામાંથી કયા પ્રાણીના કાન અલગ અલગ દિશામાં ફરી શકે છે ?

(A) બકરી (B) વાઘ

(C) ઘોડો (D) હાથી

(71) નાગગુંફન કલા કયા રાજ્યમાં જાણીતી છે ?

(A) મધ્યપ્રદેશ (B) દિલ્હી

(C) હરિયાણા (D) ગુજરાત

(72) જીભના કયા ભાગમાં આપણને ગળ્યો સ્વાદ સારી રીતે પરખાય છે ?

(A) આગળના (B) જમણી બાજુના

(C) પાછળના (D) ડાબી બાજુના

(73) રાત્રે જાગનારા પ્રાણીઓ વસ્તુઓને કયા કયા રંગમાં જોઈ શકે છે ?

(A) કાળા અને લાલ (B) કાળા અને સફેદ

(C) લીલા અને ગુલાબી (D) લીલા અને પીળા

(74) શ્રીનગરના જૂના ઘરમાં ખાસ પ્રકારની બારીઓ જે દીવાલોની બહાર નીકળે છે તેને શું કહે છે ?

(A) ખતમખંડ (B) ડબ

(C) ડોંગા (D) રેબો

(75) તંદુરસ્ત સ્ત્રીમાં હિમોગ્લોબીનનું સ્તર કેટલું હોય છે ?

(A) 10 - 20 gm/dl (B) 12 - 18 gm/dl

(C) 12 - 16 gm/dl (D) 10 - 18 gm/dl

(76) નૈઋત્ય દિશા એટલે કઈ દિશા ?

(A) પૂર્વ - પશ્ચિમ વચ્ચેની દિશા (B) દક્ષિણ - પશ્ચિમ વચ્ચેની દિશા

(C) ઉત્તર - પૂર્વ વચ્ચેની દિશા (D) પશ્ચિમ - ઉત્તર વચ્ચેની દિશા

(77) લેહમાં 'સુસ્વાગતમ્' શબ્દ માટે કયો શબ્દ વપરાય છે ?

(A) રેબો (B) તાશી

(C) સુલે (D) જુલે

(78) કુદુક ભાષાના 'તોરંગ' શબ્દનો અર્થ શું થાય ?

(A) ગુફા (B) પર્વત (C) જંગલ (D) શહેર

(79) સ્લોથ પ્રાણી માટે નીચે પૈકી કયું વિધાન બંધબેસતું નથી ?

(A) તે રીંછ જેવું લાગે છે.

(B) તે અઢાર કલાક ઉંઘે છે.

(C) પોતાના જીવન દરમિયાન તે પંદર જેટલા વૃક્ષો પર જાય છે.

(D) તે લગભગ 40 વર્ષનું જીવન જીવે છે.

(80) હું બીજા પ્રાણીને વાઘ કે ચિત્તાનાં ભયથી સાવધાન કરવા ખાસ પ્રકારના ચેતવણી - સંકેત આપુ છું. - મને ઓળખી બતાવો.

(A) લંગૂર (B) કાગડા (C) કૂતરા (D) કબૂતર

(81) 'હું આવતીકાલે અમદાવાદ જઈશ અને સરસ આઇસક્રીમ ખાઈશ.' આ વાક્યમાં 'આવતીકાલે'ને બદલે 'ગઈકાલે' મૂકીએ તો નવું વાક્ય કેવું બને ?

(A) હું ગઈકાલે અમદાવાદ જઈશ અને સરસ આઇસક્રીમ ખાઈશ.

(B) હું ગઈકાલે અમદાવાદ ગયો અને સરસ આઇસક્રીમ ખાઉ છું.

(C) હું ગઈકાલે અમદાવાદ ગયો હતો અને સરસ આઇસક્રીમ ખાધો હતો.

(D) હું ગઈકાલે અમદાવાદ જઈશ અને સરસ આઇસક્રીમ ખાધો.

- **નીચેની વાર્તા વાંચો. વાર્તાના આધારે પ્રશ્ન નં. 82 થી 84ના સાચા જવાબ પસંદ કરો.**

પાંડવો ગુપ્તવાસમાં હતા ત્યારે એક જણના ઘરમાં રહેતા હતા. તે નગરમાં બકાસુરનો આતંક હતો. રાક્ષસ બકાસુરે એક શરત મૂકી હતી કે ગામમાંથી દરરોજ ભોજનમાં એક ગાડું ભરીને ખાદ્યસામગ્રી અને તે ગાડું લઈ જનાર એક માણસને મોકલવો. જો આ ન થાય તો તે આખા નગરનો નાશ કરી નાખે.

એક દિવસ પાંડવો જેના ઘરમાં રહેતા હતા, તેના ઘરનો વારો આવ્યો. યજમાન પરિવાર આ ભયાનક ફરજને કારણે રડી રહ્યો હતો. માતા કુંતીએ યજમાન પરિવારને આશ્વાસન આપીને કહ્યું કે તેમનો પુત્ર ભીમ જ રાક્ષસ માટે ભોજન લઈ જશે.

બીજા દિવસે ભીમ ગાડું લઈને જંગલમાં પહોંચ્યો તેણે રાક્ષસનું બધું ભોજન પોતે જ ખાવાનું શરૂ કરી દીધું ! જ્યારે બકાસુર આવ્યો અને તેણે આ જોયું, ત્યારે તેને ખૂબ ગુસ્સો આવ્યો. ભીમ અને બકાસુર વચ્ચે ભયંકર યુદ્ધ થયું. ભીમે બકાસુરને જમીન પર પછાડ્યો અને તેને મારી નાખ્યો. આમ, એકચક્રા નગરના લોકોનો ભય દૂર થયો અને પાંડવોએ યજમાનના ઋણમાંથી મુક્ત થઈને નગરજનોની રક્ષા કરી.

(82) માતા કુંતીએ યજમાન પરિવારના દુઃખને દૂર કરવા માટે શું કર્યું ?

(A) યજમાનના પુત્રને છુપાવી દીધો. (B) પોતાના પુત્રને બકાસુર પાસે મોકલ્યો.

(C) બકાસુરને નગર છોડી દેવા વિનંતી કરી. (D) બીજા કોઈ પાંડવને મોકલવાનું નક્કી કર્યું.

(83) ભીમે બકાસુર માટેનું ભોજન પોતે જ ખાવાનું શા માટે શરૂ કર્યું હશે ?

(A) ભીમને ખૂબ ભૂખ લાગી હતી.

(B) માતા કુંતીએ ભીમને આમ કરવાનું કહ્યું હતું.

(C) તે રાક્ષસને ડરાવવા માંગતો હતો કે પોતે રાક્ષસ કરતાં વધુ ખાઈ શકે છે.

(D) તે બકાસુરને યુદ્ધ માટે ઉશ્કેરવા માંગતો હતો.

(84) પાંડવોનો મુખ્ય ઉદ્દેશ્ય બકાસુરને મારવાનો શા માટે હતો ?

(A) તેઓ બકાસુરનું ભોજન ખાવા માંગતા હતા.

(B) તેઓ આખા નગરના રાજા બનવા માંગતા હતા.

(C) તેઓ આશ્રય આપવાનું ઋણ ચૂકવવા માંગતા હતા.

(D) તેઓ માત્ર યુદ્ધના શોખીન હતા.

- **નીચેનો ફકરો વાંચો. ફકરાના આધારે પ્રશ્ન નં. 85 થી 86 ના સાચા જવાબ પસંદ કરો.**

શનિવાર મોડી રાત સુધી જાગ્યા પછીની ખુશનુમા સવાર હતી. ગામમાં મોટો મેળો ભરાયો હતો. સવારથી જ ચારે બાજુ રોનક છવાઈ ગઈ હતી. મેળામાં જાતજાતની દુકાનો લાગી હતી. એક ખૂણામાં મીઠાઈવાળાની દુકાન હતી, જ્યાં ગરમાગરમ જલેબીની મીઠી સુગંધ આવતી હતી. બીજા ખૂણે રમકડાંની દુકાન પર બાળકોની ભીડ હતી. મેળાની વચ્ચે મોટું ચકડોળ ધીમે ધીમે ફરતું હતું. જેમાં બેસવા માટે લાંબી લાઈન હતી. આકાશમાં રંગબેરંગી ફુગ્ગાઓ ઉડી રહ્યા હતા. જાણે તહેવારની ખુશી આકાશમાં પહોંચી હોય. મેળામાં આવતા લોકોના ચહેરા પર ખુશી સ્પષ્ટ દેખાતી હતી. નાના બાળકો આઈસ્ક્રીમ ખાતા અને હસતા-ગાતા મેળાની મજા માણી રહ્યા હતા. આ દૃશ્ય જોઈને દાદાજીએ કહ્યું, "મેળો ખરેખર જીવનનો આનંદ છે." ગામનો મેળો આખા વર્ષની રાહ જોવાનું કારણ બની રહેતો.

(85) મેળો કયા વારે ભરાયો હતો ?

(A) શનિવાર (B) સોમવાર (C) રવિવાર (D) ગુરૂવાર

(86) 'ગામનો મેળો આખા વર્ષની રાહ જોવાનું કારણ બની રહેતો.' વાક્યના આધારે શું કહી શકાય ?

(A) આખા વર્ષ દરમિયાન અનેક મેળાનું આયોજન થાય છે.

(B) આખા વર્ષ દરમિયાન એક મેળાનું આયોજન થાય છે.

(C) લોકો આખા વર્ષ દરમિયાન મેળાનો આનંદ લેતા હતા.

(D) લોકોને મેળાની રાહ જોવાનું બહુ ગમતું.

(87) સમાનાર્થી શબ્દોની ખોટી જોડી કઈ છે ?

(A) કૂણાં - કુમળાં (B) તરણા - તણખલા

(C) મંગલ - કલ્યાણ (D) પવિત્ર - ધાર્મિક

(88) વનમાં સસલાંને લીલું ઘાસ ખવડાવશો. આ વાક્યમાં વિશેષણ કયું છે ?

(A) ઘાસ (B) લીલું (C) સસલું (D) વન

(89) બધો કપાસ બગડી ગયા. આ વાક્યમાં કયો શબ્દ યોગ્ય નથી.

(A) કપાસ (B) બધો (C) ગયા (D) બગડી

(90) અલગ પડતો શબ્દ શોધો. કઈ રીતે ? આંખ, કાન, નાક, આંગળી, જીભ

(A) આંખ (B) નાક (C) જીભ (D) આંગળી

(91) નીચે પૈકી કઈ જોડણી સાચી છે?

(A) અસ્વિકૃતિ (B) અસ્વીકૃતિ

(C) અસ્વીકૃતી (D) અસવીકૃતિ

(92) ભારત મારો દેશ છે. 'ભારત' કઈ સંજ્ઞા દર્શાવે છે?

(A) વ્યક્તિવાચક (B) જાતિવાચક

(C) સમૂહવાચક (D) ભાવવાચક

(93) અર્થની દૃષ્ટિએ જુદા પડતો શબ્દ કયો છે?

(A) મંજરી (B) મોર (C) કૂંપળ (D) અંકુર

(94) રેખાંકિત શબ્દનો યોગ્ય ઉપયોગ ના થયો હોય તેવું વાક્ય પસંદ કરો.

(A) ગઈકાલે મારે ગાંધીનગર જવાનું હતું, એટલે જઈ શકાયું નહીં.

(B) રાહુલ પાતળો દેખાય છે, તેમ છતાં તાકતવાન છે.

(C) દિગ્વિજય જંગલ તરફ ભાગ્યો, તેથી શાંતાને તેની ચિંતા થઈ.

(D) મયુરી નવી સાઈકલ લાવી અને આંટો મારવા ગઈ.

(95) 'કોરપ ભુલાય અને વહાલપ છલકાય, એવું મોસમનું ભીનું છમ કહેણ' - પંક્તિમાં રેખાંકિત શબ્દ 'કોરપ'નો અર્થ શું થાય?

(A) સ્નેહ (B) દુઃખ (C) હૈયું (D) કઠોરતા

(96) બચ્ચા! તું મુજથી રેસ લગાવીશ? - વાક્યનો સાચો અર્થ ધરાવતું વાક્ય કયું છે?

(A) બચ્ચા! તું મુજ નામના છોકરા સાથે રેસ લગાવીશ?

(B) બચ્ચા! તું પોતે રેસ લગાવીશ?

(C) તું મારી સાથે દોડવાની હરીફાઈ કરીશ?

(D) બચ્ચા! તું મારાથી હોશિયાર છે?

(97) સમાનાર્થી શબ્દોની ખોટી જોડ કઈ છે ?

(A) અંબર - ધરતી (B) પેઠે - માફક

(C) કહેણ - નોતરું (D) ગોઠે - ગમે

● **નીચેનો ફકરો વાંચી પ્રશ્ન ક્રમાંક 98 થી 100ના જવાબ લખો :**

મારા ગામમાં નદીના કિનારે ઘણાં વૃક્ષો હતાં. ત્યાં કેટલાક નાના છોડ પણ હતાં. એક તાડના ઝાડને પોતાની ઊંચાઈ અને મજબૂતાઈનું ખૂબ અભિમાન હતું. એક દિવસ આવેલા વાવાઝોડાએ તાડના ઝાડનું અભિમાન ચૂર ચૂર કરી નાખ્યું. વાવાઝોડામાં તાડનું ઝાડ અડધેથી તૂટી ગયું અને બાજુના છોડવાઓ પર પડ્યું. તાડે જોયું તો બાજુના નાના નાના છોડને જરા પણ આંચ આવી ન હતી. તેણે છોડને પૂછ્યું : "આટલા ભયંકર વાવાઝોડામાં તમે કેવી રીતે બચી ગયા?" છોડ કહે, "એ તો સાવ સહેલું છે. તમે પવનમાં અક્કડ ઊભા હતા. તમે પવનને નમવાની ના પાડી, અમે પવનનો સ્વીકાર કર્યો, તેથી બચી ગયા."

(98) નાના છોડનો શા માટે બચાવ થયો?

(A) છોડ પોતે ખૂબ મજબૂત હતો.

(B) છોડને કોઈ વાતનો ડર ન હતો.

(C) છોડ પરિસ્થિતિ મુજબ અનુકૂળ થઈ રહેતા હતા.

(D) ઝાડ પવનમાં અક્કડ થઈને ઊભાં હતાં.

(99) તાડનું ઝાડ કેમ તૂટી ગયું?

(A) તે ખૂબ ઊંચું હતું. (B) તે ખૂબ અભિમાની હતું.

(C) તેના ઉપર પવન ખૂબ જોરથી આવ્યો હતો. (D) ઝાડ પવનમાં અક્કડ થઈને ઊભું હતું.

(100) 'નાના છોડવાઓએ પવનો સ્વીકાર કર્યો', એટલે શું કર્યું હશે?

(A) તેઓ પવન જે દિશામાં જાય તે દિશામાં નમી ગયા.

(B) તેઓએ પવન સાથે દોસ્તી કરી લીધી.

(C) તેઓ પવનની વિરુદ્ધ દિશામાં નમી ગયા.

(D) તેઓએ પવનને આવકાર આપ્યો.

(101) सही वाक्य पहचानिए।

(A) बच्चे खेल रहा है। (B) घोड़े दोड रहा है।

(C) ये राजा है। (D) इन किताबों में रामायण नहीं है।

(102) अंकों एवं शब्दों का सही जोड़ पहचानिए।

(A) २३ - तेइस (B) ३३ - तैतीस (C) ४६ - छयालीस (D) ३७ - सैंतीस

(103) 'चलन' का समानार्थी शब्द क्या होता है ?

(A) जल (B) आचरण (C) झील (D) पवन

(104) शब्दकोश क्रम के अनुसार तीसरे क्रम में कौन–सा शब्द आएगा ?

(A) केंद्र (B) कृषि

(C) कूप (D) कंगाल

(105) रेखांकित शब्द का सही प्रयोग हुआ हो, ऐसा वाक्य चुनिए।

(A) में क्रिकेट खेलता हूँ। (B) आप कहाँ जा रहे है ?

(C) हम कबड्डी खेलने जाएँगे। (D) हम जा रहा हूँ।

(106) भिन्न शब्द पहचानिए।

(A) अदरक (B) फालसा

(C) अनार (D) जामुन

(107) संज्ञा शब्द पहचानिए।

(A) लिखना (B) उस

(C) सफेद (D) हिमालय

(108) बहुवचन का गलत जोड़ पहचानिए।

(A) रात – राते (B) महिला – महिलाएँ

(C) तोता – तोताएँ (D) किताब – किताबे

(109) भाई का बुरा हाल देखकर उसका दिल बैठ गया।

(A) किनारे ले गया (B) हताश या निराश हो गया

(C) मर गया (D) दुःख प्रगट किया

(110) अलग शब्द पहचानिए।

(A) चहेती (B) प्यारी

(C) लाडली (D) अप्रिय

(111) Select the odd one.

(A) lotus (B) kiwi (C) rose (D) sunflower

(112) day : night : : fool : .......... .

(A) clever (B) empty (C) big (D) happy

(113) કારેલાંનો સ્વાદ કેવો હોય?

(A) sweet
(B) spicy
(C) bitter
(D) sour

(114) Find the rhyming word for "kind".

(A) nine
(B) keep
(C) fine
(D) find

(115) He is ................ exercise.

(A) doing
(B) do
(C) done
(D) did

(116) Cobra નો સંબંધ Snake સાથે છે તે જ રીતે Leopard નો સંબંધ કોની સાથે છે?

(A) Tiger
(B) Lion
(C) Cat
(D) Zebra

(117) Fill in the blank with the appropriate word. There are many stars shining ....... the sky.

(A) in
(B) on
(C) above
(D) over

(118) Fill in the blank with appropriate option. She is ................ .

(A) Geeta
(B) Raju
(C) Pooja and Ramesh
(D) Deepak

(119) What is Mango called?

(A) grains
(B) fruits
(C) dry fruits
(D) vegetables

(120) Fill in the blank with appropriate word. They ................ reading a story book, yesterday in the library.

(A) were
(B) are
(C) is
(D) was

◆◆◆

## રફ કામ માટેનું પેઈજ

# રફ કામ માટેનું પેઈજ

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ **OMR** શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.